# જાહેરનામું

## ગુજરાત સરકાર

ગૃહ વિભાગ, સચિવાલય,

ગાંધીનગર

તા.૨૩/03/૨૦૨૦.

**ક્રમાંક: જીજી/૨૦/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨**

નોવેલ કોરોના વાયરસ ( COVID-19) કે જેને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. આ સંબંધમાં કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા કેટલીક સુચનાઓ તેમજ માર્ગદર્શિકાઓ બહાર પાડવામાં આવેલ છે. રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૧૩.03.૨૦૨૦ના જાહેરનામાથી THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATIONS, 2020 જાહેર કરવામાં આવેલ છે.

૨. રાજ્યમાં COVID-19 ની અસર કેટલાક શહેરોમાં વર્તાઇ રહી છે તેની અસરોને નિયંત્રીત કરવા માટે રાજ્ય સરકાર દ્વારા અમદાવાદ શહેર, વડોદરા શહેર, રાજકોટ શહેર, સુરત શહેર, ગાંધીનગર શહેર અને સમગ્ર કચ્છ જિલ્લામાં તા. ૨૧/3/૨૦૨૦ અને તા. ૨૨/3/૨૦૨૦ના જાહેરનામાથી આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓને મોકુફ રાખવાનો નિર્ણય લેવામાં આવેલ અને માત્ર આવશ્યક સેવાઓને ચાલુ રાખવાનો નિર્ણય કરવામાં આવેલ.

વધુમાં રાજયના બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા.૨૨/03/૨૦૨૦ના બે અલગ અલગ જાહેરનામાંથી તમામ પ્રકારના પેસેન્જર વાહનોને રાજયની અંદર તેમજ રાજયમાંથી અન્ય રાજયોમાં આવન-જાવન પર પ્રતિબંધ પણ લાદવામાં આવેલ છે.

3. The EPIDEMIC DISEASES Act 1897 અને THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATION, 2020ની જોગવાઇઓ હેઠળ મળેલ સત્તાઓ અન્વયે તા.૨૩/03/૨૦૨૦ મધ્યરાત્રીથી તા.૩૧/03/૨૦૨૦ મધ્યરાત્રી સુધી સમગ્ર રાજયમા લોક ડાઉન જાહેર કરવાનો રાજય સરકારે નિર્ણય લીધેલ છે. આવશ્યક સેવાઓ સિવાયની તમામ દુકાનો, વાણિજ્યક સંસ્થાઓ, ઓફિસો, ફેકટરી, નાના અને મધ્યમ ઉદ્યોગો (MSME), વર્કશોપ, ગોડાઉન આ સમયગાળા દરમ્યાન સદંતર બંધ રહેશે.

<u>ફક્ત નીચે મુજબની આવશ્યક સેવાઓ જ ઉક્ત સમયગાળા દરમ્યાન ચાલુ રહેશે.</u>

1) તમામ સરકારી અને મ્યુનિસિપલ કોર્પોરેશન/નગરપાલિકા તથા પંચાયત સેવાઓ
2) દૂધ-શાકભાજી, ફળ-ફળાદી, કરીયાણું, પ્રોવીઝનલ સ્ટોર.
3) ખાદ્ય પદાર્થો તથા ખાદ્ય સામગ્રી, પેસ્ટ કન્ટ્રોલ અને અન્ય આવશ્યક સેવાઓના ઉત્પાદન, પરિવહન અને પુરવઠા વ્યવસ્થા
4) મેડીકલ સ્ટોર, દવાખાના/હોસ્પિટલ, લેબોરેટરી, દવા/મેડીકલ સાધનોની ઉત્પાદક કંપની તથા તેમના રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ સેન્ટર્સ, ફાર્મસી, આરોગ્યલક્ષી સેવાઓ.

5) પશુ આહાર, ઘાસચારો તથા પશુઓની દવા તથા સારવાર સબંધિત સેવાઓ

6) વીજળી ઉત્પાદન, વિતરણ અને મેન્ટેનન્સ અંગેની સેવાઓ

7) ઈન્ટરનેટ/ટેલિફોન/મોબાઈલ સર્વિસ પ્રોવાઈડર તથા આઈ.ટી અને આઈ.ટી સંબંધિત સેવાઓ

8) પ્રિન્ટ, ઈલેકટ્રોનિક અને સોશ્યલ મિડીયા

9) પાણી પુરવઠો તથા ગટરવ્યવસ્થાને લગતી સેવાઓ

10) પેટ્રોલ, ડિઝલ, એલ.પી.જી./સી.એન.જી./પી.એન.જી.ને સંબંધિત પંપ, ઓપરેશન ઓફ પ્રોડકશન યુનિટ, પોર્ટ ઓફ લોડીંગ, ટર્મિનલ ડેપોઝ, પ્લાન્ટસ તથા તેને સંબંધિત ટ્રાન્સપોર્ટેશન અને ડિસ્ટ્રીબ્યુશન સેવાઓ

11) બેંક/એ.ટી.એમ., Finance Tech સંબંધિત સેવાઓ, બેંકોનું ક્લીયરીંગ હાઉસ, સ્ટોક બ્રોકીંગ સર્વિસીઝ, ઈન્સ્યોરન્સ સેવાઓ.

12) પોસ્ટ અને કુરીયર સર્વિસ

13) આવશ્યક સેવા સાથે સંલગ્ન ખાનગી સિક્યુરીટી સેવા

14) તમામ આવશ્યક ચીજ વસ્તુઓના પરિવહન સંગ્રહ અને વિતરણને લગતી તમામ સેવાઓ તથા તેને સંલગ્ન ઈ-કોમર્સ ઉપરાંત અતિઆવશ્યક સેવાઓ.

15) સતત પ્રક્રિયાવાળા ઉત્પાદન કરતા એકમો અથવા "Lock In" સુવિધાઓ સાથે કામદારો માટે વિશેષ વ્યવસ્થા ધરાવતા એકમો સંબંધિત જિલ્લા મેજીસ્ટ્રેટની પરવાનગીથી ચાલુ રહી શકશે.

૫. આ જાહેરનામાનું અસરકારક અમલીકરણ સર્વે પોલીસ કમિશ્નર, જિલ્લા મેજીસ્ટ્રેટ તથા જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા કરવાનું રહેશે.

૬. આ જાહેરનામાના ભંગ બદલ The EPIDEMIC DISEASES Act 1897 અન્વયે THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATION, 2020ની જોગવાઇઓ હેઠળ તથા ઈન્ડીયન પીનલ કોડની કલમ ૧૮૮ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Sangita Singh

(સંગીતા સિંહ)
અધિક મુખ્ય સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- પ.સ. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- રજીસ્ટ્રારશ્રી ગુજરાત હાઈકોર્ટ, સોલા, અમદાવાદ. (પત્ર દ્વારા)

- માન, મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન, નાયબ મુખ્ય મંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (આરોગ્ય)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, પોલીસ ભવન, ગાંધીનગર.
- ગૃહ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ.
- તમામ પોલીસ કમિશ્નરશ્રીઓ
- તમામ રેન્જના વડાશ્રીઓ
- તમામ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ
- તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ
- સિલેક્ટ ફાઇલ – ૨૦૨૦.